પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

તાપમાન
મહત્તમ : ૩૦.૨ ડીગ્રી
લઘુતમ : ૧૦.૨ ડીગ્રી
ભેજ
સવારે ૮૧ ટકા ● સાંજે ૪૩ ટકા

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૨૯૬ | ૬ જાન્યુઆરી, ૨૦૧૭, શુક્રવાર ; પોષ સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# બેઝીક ઈન્કમ સ્કીમ માટે સક્રિય વિચારણા

**જેની પાસે કમાણીનું સાધન નથી તેના ખાતામાં ૫૦૦ જમા કરાશે : દેશના ૨૦ કરોડ લોકોને સીધો ફાયદો થઈ શકે : દેશભરના લોકોને નોટબંધી બાદ મોટી ભેટ આપવા માટેની મોદીની તૈયારી : બજેટમાં જાહેરાત થઈ શકે**

નવી દિલ્હી,તા. ૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સરકાર દેશભરના લોકોને નવા વર્ષમાં કોઈ મોટી ભેંટ આપી શકે છે. આ ભેંટ હેઠળ દરેક નાગરિકને દર મહિને આવક તરીકે એક નક્કી કરવામાં આવેલી રકમ આપી શકે છે. સુત્રોના કહેવા મુજબ આર્થિક સર્વે અને સામાન્ય બજેટમાં આની જાહેરાત કરવામાં આવી શકે છે. એમ પણ કહેવામાં આવી રહ્યુ છે કે જો તમામ માટે નહી તો કમ સે કમ એવા જરૂરીયાતમંદ લોકો માટે સ્કીમ તો ચોક્કસપણે લાવશે જેમની પાસે આવકના કોઈ સાધન નથી. દરેકના ખાતામાં રૂપિયા ૫૦૦ જમા કરીને આ સ્કીમની શરૂઆત કરવાની તૈયારી કરી લેવામાં આવી છે. આના કારણે દેશભરના આશરે ૨૦ કરોડ જરૂરીયાતવાળા લોકોને સીધો લાભ થઈ શકે છે. આ પ્રસ્તાવ લંડન યુનિવર્સિટીના પ્રોફેસર ગાય સ્ટેન્ટિંગ દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે. જીનેવા સ્થિતી તેમના ઘરથી વાત કરતા તેમણે કહ્યુ છે કે મોદી સરકાર સાથે જોડાયેલી એક વ્યક્તિએ આ અંગેનો દાવો કર્યો છે. આ વ્યક્તિએ ખાતરી આપતા કહ્યુ છે કે બજેટમાં તેની જાહેરાત કરવામાં આવી શકે છે. પ્રોફેસર ગાયે સંકેત આપ્યા છે કે સરકારે મધ્યપ્રદેશની એક પંચાયતમાં પાયલોટ પ્રોજેક્ટ હેઠળ આવી સ્કીમ તૈયાર કરી હતી. જેના ખુબ સારા પરિણામ મળી ચુક્યા છે. તેમણે કહ્યુ છે કે તેઓએ અમીર અને ગરીબ તમામ લોકો માટે ચોક્કસ રકમની રજૂઆત કરી છે. પ્રોફેસર ગાય સમગ્ર દુનિયામાં યુનિવર્સલ બેઝિક ઈન્કમ પર ભાર મુકી રહ્યા છે. જો કે સરકારી સુત્રોએ આવી કોઈ યોજના અંગે માહિતી આપવાનો હાલમાં ઈન્કાર કર્યો છે. મોદી સરકાર મોટી સ્કીમની જાહેરાત કરવાના મુડમાં છે. નોટબંધીના નિર્ણય બાદ મોટી સંખ્યામાં સામાન્ય લોકો રોકડને લઈને છેલ્લા ૫૦ દિવસથી હેરાન થઈ ગયા છે પરંતુ હવે તેમને વધુ રાહત આપવાની જાહેરાત કરવામાં આવી શકે છે. યુનિવર્સલ બેઝીક ઈન્કમ સ્કીમ પર રજુ રિસર્ચને ઈકોનોમિક સર્વેના રિપોર્ટમાં સામેલ કરવામાં આવ્યા બાદ આની હિલચાલ હાથ ધરવામાં આવી છે. બીજી બાજુ નીતિ આયોગના નાયબ અધ્યક્ષ અરવિંદ પનગડીયા દ્વારા પણ વાત કરવામાં આવી છે. યોજના એ જ વખતે સફળ સાબિત થાય છે જ્યારે અમીર અને ગરીબોમાં ભેદ કર્યા વગર કોઈપણ નાગરિકને કોઈ ખાસ ઈન્કમ દર મહિને આપવામાં આવે. જો આમાં ભેદભાવ રાખવામાં આવે તો સ્કીમને સફળતા મળતી નથી અને ભ્રષ્ટાચાર વધે છે. એક વખત તમામને પૈસા આપવામાં આવ્યા બાદ જે ગરીબીની હદની બહાર આવે છે તેમનાથી સબસીડી પરત લઈ લેવામાં આવે અથવા તો બીજી રીતે રકમ પરત સિસ્ટમમાં લાવી શકાય છે. તમામને આધાર નંબર સાથે જોડીને આ લાભ આપી શકાય છે. રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે

● અનુસંધાન પાન-૭ પર

# બજેટ મોકુફ રાખવા વિપક્ષની માગ

નવી દિલ્હી, તા.૫

ચૂંટણી પંચે મોડી સાંજે બજેટ મોકુફ રાખવાની માંગણીને ફગાવી હતી. અગાઉ કોંગ્રેસ, તૃણમૂલ કોંગ્રેસ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી પૂર્ણ થઈ ગયા બાદ જ બજેટ રજુ કરવાની રજુઆત કરવામાં આવી હતી. સામાન્ય બજેટ પહેલી ફેબ્રુઆરીના

**ચૂંટણી બાદ બજેટ રજુ કરવાની રજુઆતની ચૂંટણી પંચે ફગાવી : કોંગ્રેસ, તૃણમૂલ કોંગ્રેસ, ડીએમકે, જેડીયુ સહિતના વિરોધ પક્ષના સભ્યોનું પ્રતિનિધિમંડળ ચૂંટણી પંચને મળ્યું**

અને ડીએમકે તેમજ જેડીયુ સહિત કેટલાક વિરોધ પક્ષોએ આજે ચૂંટણી પંચના અધિકારીઓ સાથે વાતચીત કરી હતી અને કેન્દ્રિય બજેટની મોકૂફીની માંગણી કરી હતી. પાંચ દિવસે રજુ કરવામાં આવનાર છે. પાંચ રાજ્યોમાં ચૂંટણીની શરૂઆત ચોથી ફેબ્રુઆરીએ થશે. વિરોધ પક્ષોને દહેશત છે કે ભાજપ બજેટ

● અનુસંધાન પાન-૭ પર



## ચલણમાંથી રદ કરાયેલ ૯૭ ટકા નોટ બેંકમાં જમા

**જુની નોટ જમા કરવા માટેની છેલ્લી તારીખ સુધી બેંકને ૧૪.૯૭ લાખ કરોડ મળી ચુક્યા**

નવી દિલ્હી,તા. ૫

હાલમાં જ જારી કરવામાં આવેલા નવા અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે જુની નોટ જમા કરવા માટેની છેલ્લી તારીખ સુધી બેંકોને ૧૪.૯૭ લાખ કરોડ રૂપિયા મળી ગયા છે. આ આંકડો અંદાજિત છે તેમ પણ રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે. આ આંકડો સુધારીને ૧૫.૪૪ લાખ કરોડ સુધી પહોંચી શકે છે. માહિતીગાર સુત્રોને ટાંકીને આ મુજબની માહિતી આપવામાં આવી છે. આઠમી નવેમ્બરના દિવસે નોટબંધીની જાહેરાત કરવામાં આવી હતી. આઠમી નવેમ્બરના દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રને નામ સંબોધનમાં એકાએક રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટ પર પ્રતિબંધ મુકીને તમામને ચોંકાવી દીધા હતા. એક સાથે દેશના ચલણમાં રહેલી ૮૬ ટકા નોટ બંધ કરી દેવામાં આવી હતી. જેના કારણે સામાન્ય લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

## ૨૦૧૯ના વર્લ્ડ કપ સુધી રમવા માટે ધોની ઈચ્છુક

**કેપ્ટનશીપ છોડવા માટે ધોનીની લાંબા ગાળાની યોજના : હાલ ઝડપથી આગળ વધી રહેલા વિરાટ કોહલીની સાથે સ્પર્ધા સાથે આગળ વધવા વિશ્વના સર્વશ્રેષ્ઠ ફિનિશર ધોનીની તૈયારી છે**

મુંબઈ, તા.૫

ભારતીય ક્રિકેટ ટીમના સ્ટાર ખેલાડી મહેન્દ્રસિંહ ધોનીએ વનડે અને ટ્વેન્ટી-૨૦ ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન તરીકે અચાનક રાજીનામુ આપીને તમામને ચોંકાવી દીધા બાદ તે હવે વર્લ્ડ કપ ૨૦૧૯ સુધી રમવા માટેની ઈચ્છા ધરાવે છે. કેપ્ટન તરીકે રાજીનામુ આપવા માટે તે લાંબી યોજના ધરાવે છે. હકીકતમાં તે વર્લ્ડ કપ ૨૦૧૯ સુધી શાનદાર દેખાવ સાથે આગળ વધવા ઈચ્છુત છે. ધોની સારી રીતે જાણે છે કે હવે હાલના સમયમાં ખુબ શાનદાર દેખાવ કરી રહેલા વિરાટ કોહલીની સાથે સ્પર્ધામાં ઉતરીને જ આગળ વધી શકાય છે. વિરાટ કોહલી કેપ્ટન તરીકે ખુબ સારો દેખાવ કરી રહ્યો છે. ધોનીએ ભારતીય ક્રિકેટ બોર્ડને એક પત્ર મોકલ્યો છે જેમાં કેટલીક બાબતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેમાં જણાવવામાં આવ્યુ છે કે તે કેપ્ટન તરીકે રાજીનામુ આપી રહ્યો છે. તે વિરાટ કોહલીના નેતૃત્વમાં રમવા માટે તૈયાર છે. દુનિયાના સૌથી શાનદાર ફિનિશર તરીકે રહેલા ધોનીએ સાફ શબ્દોમાં કહ્યુ છે કે તે એક ખેલાડી તરીકે રમવા માટે ઈચ્છુક છે. એકબાજુ વિરાટ કોહલી છેલ્લા કેટલાક સમયથી શાનદાર દેખાવ કરી રહ્યો છે. જ્યારે ધોનીનો દેખાવ નબળો રહ્યો છે. યુએઈમાં રમાયેલી ટી-૨૦ મેચમાં ડેવેન બ્રાવોના



● અનુસંધાન પાન-૭ પર

# મોદી-નીતિશની પરસ્પર પ્રશંસા

**રાજકીય વર્તુળોમાં નવા રાજકીય સમીકરણોનાં સંકેતની ચર્ચા : પ્રકાશ પર્વના આયોજન માટે અને બિહારમાં શરાબબંધીના મુદ્દે નીતિશની મોદી દ્વારા પ્રશંસા : નીતિશે કુમારે મોદીની બદલામાં કરેલી પ્રશંસા**

પટણા,તા. ૫

ગુરૂ ગોવિંદસિંહ મહારાજના ૩૫૦માં પ્રકાશ પર્વ પર વડાપ્રધાન મોદીની પ્રશંસા કરી હતી. ત્યારબાદ બદલામાં વડાપ્રધાન મોદીએ પણ નીતિશકુમારની પ્રશંસા કરવામાં કોઈ બંનેના સંબંધો ખૂબ જ તંગ હતા. બંનેએ એકબીજાની સામે ગંભીર આક્ષેપો પણ કર્યા હતા પરંતુ આજે



નરેન્દ્ર મોદી અને બિહારના મુખ્યમંત્રી નીતિશકુમાર આજે એક મંચ ઉપર નજરે પડ્યા હતા. આ બંનેએ એકબીજાની ભારે પ્રશંસા પણ કરી હતી. શરૂઆતમાં નીતિશકુમારે તક જવા દીધી ન હતી. પ્રકાશ પર્વના આયોજનની તૈયારીને લઈને બિહારમાં શરાબબંધીના મુદ્દે મુખ્યમંત્રીની મોદીએ પ્રશંસા કરી હતી. લોકસભા ચૂંટણી દરમિયાન બંને એક મંચ ઉપર એકબીજાની પ્રશંસા કરતા નજરે પડતા નવી રાજકીયા સમીકરણોના સંકેત પણ દેખાઈ રહ્યા છે. મોદીએ કહ્યું હતું કે

● અનુસંધાન પાન-૭ પર

## લાલુ પર દબાણ વધારવા માટે નીતિશકુમારની ચાલ

**નીતિશની મદદથી રાજ્યસભામાં ભાજપને ફાયદો : રાજ્યસભામાં એનડીએની પાસે હાલ બહુમતી ન હોવાની સ્થિતિમાં જેડીયુની મદદ મળે તો અનેક બિલ પાસ કરાશે**

પટણા,તા. ૫

એકબીજાના નક્કર રાજકીય હરીફ રહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને બિહારના મુખ્યમંત્રી નીતિશકુમાર આજે એક મંચ પર નજરે પડ્યા બાદ આની ભારે ચર્ચા રાજકીય વર્તુળોમાં જોવા મળી હતી. થોડાક સમય પહેલા સુધી બંને એકબીજા સામે જોતા પણ ન હતા. કોઈ સમયે એનડીએના સાથી પક્ષ રહી ચુકેલા જેડીયુના નેતા નીતિશકુમારે મોદીને વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે જાહેર કરવામાં આવ્યા બાદ આ ગઠબંધન સાથે સંબંધ તોડી લીધા હતા અને બિહારમાં વિધાનસભા ચૂંટણી દરમિયાન મોદી અને નીતિશકુમાર બિલકુલ આમને સામને દેખાયા હતા. બંનેએ એકબીજા સામે વ્યક્તિગત આક્ષેપો પણ કર્યા હતા. મોદીએ એક રેલીમાં એમ પણ કહ્યું હતું કે નીતિશકુમારે એક વખતે તેમની સામેથી જ ભોજનની

● અનુસંધાન પાન-૭ પર

ગેરન્ટેડ ગિફ્ટ કુપન
અહીંથી કાપો




# સસ્તામાં વિમાની યાત્રા કરવાની સુવર્ણ તક

**જેટ એરવેઝ, ઈન્ડીગો અને ગો એરની સસ્તી ટિકિટની ઓફર : જેટ એરવેઝ ૯૯૯ રૂપિયામાં જ્યારે ઈન્ડીગોની ૯૪૯ રૂપિયામાં ટિકિટની ઓફર**

નવી દિલ્હી,તા. ૫

મોંઘી વિમાની ટિકિટના પરિણામ સ્વરૂપે જો ક્યારેય પણ ફ્લાઈટમાં મુસાફરી કરી નથી તો હવે વિમાનમાં મુસાફરી કરવાની સુવર્ણ તક રહેલી છે. નવા વર્ષમાં યાત્રીઓને પ્રભાવિત કરવા માટે સસ્તી ટિકિટ વેચાણ માટેની સ્પર્ધા જોરદાર રીતે શરૂ થઈ ચુકી છે. જેટ એરવેઝ, ઈન્ડીગો અને ગો એર જેવી એરલાઈન્સ કંપનીઓ ઓછા ભાડાની સ્કીમને લઈને સ્પર્ધામાં આવી ગઈ છે. આ ઓફર હેઠળ હવે ટ્રેનની ટિકિટની કિંમતે વિમાની યાત્રાની મજા લઈ શકાય છે. એક તરફ જેટ એરવેઝે ૯૯૯ રૂપિયા (તમામ કરવેરા સહિત)માં ટિકિટ આપવાની શરૂઆત કરી છે. જ્યારે ઈન્ડીગોએ ૯૪૯ રૂપિયામાં આ સ્કીમ શરૂ કરી છે. જેટ એરવેઝની ગેટ સેટ ફોર એ ફ્લાઈંગ સ્ટાર્ટ સ્કીમ

● અનુસંધાન પાન-૭ પર

## ડોલર વિરૂદ્ધ રૂપિયામાં નવ પૈસાનો સુધારો

મુંબઈ,તા. ૫

ડોલર સામે રૂપિયો આજે સતત બીજા દિવસે તેજી સાથે બંધ રહ્યો હતો. ડોલર સામે રૂપિયામાં નવ પૈસાનો સુધારો જોવા મળ્યો હતો. જેના પરિણામ સ્વરૂપે તેની સપાટી ૬૭.૯૬ રહી હતી. બેંકો અને નિકાસકારો તરફથી ડોલરને લઈને ઉદાસીનતા રહેતા રૂપિયામાં સુધારો જોવા મળ્યો હતો. સ્થાનિક નાણાંકિય માર્કેટમાં આજે તેજી જોવા મળી હતી. જ્યારે સ્થાનિક ચલણની સામે ડોલરમાં ઘટાડો જોવા મળ્યો હતો. રૂપિયો બુધવારના દિવસે ૨૮ પૈસાના સુધારા સાથે બંધ રહ્યો હતો. આજે તેમાં વધુ નવ પૈસાનો સુધારો રહ્યો હતો.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

**વિનામુલ્યે - સ્કીલ ડેવલોપમેન્ટ કોર્ષ**
એન્ડી એકેડેમી દ્વારા- સરકારના વિનામૂલ્યે, સ્કીલ ડેવલોપમેન્ટનાં (૧૦) કોર્ષ - દિન-૯૦ના, જમવા, રહેવા સગવડ સાથે જોડાવા
રીઝ્યુમ સેન્ડ કરો
એન્ડી મેનપાવર એન્ડ એકેડેમી
૨૦૨-એ, સેકન્ડ ફ્લોર, મેઘમલ્હાર કોમ્પલેક્ષ, સેક્ટર-૧૧, ગાંધીનગર
Email : andymultyconsultancy@gmail.com
Mobile: 9898610390

**જોઈએ છે**
જોઈએ છે, બેન્ક, પ્રાઈવેટ સેક્ટરો, ઓફિસો, ઉદ્યોગો, શાળાઓમાં, કલાર્કો, એકાઉન્ટન્ટો, પટાવાળા, ચોકીદારો, હમાલો, શિક્ષકો,
રીઝ્યુમ સેન્ડ કરો
એન્ડી મેનપાવર એન્ડ એકેડેમી
૨૦૨-એ, સેકન્ડ ફ્લોર, મેઘમલ્હાર કોમ્પલેક્ષ, સેક્ટર-૧૧, ગાંધીનગર
Email : andymultyconsultancy@gmail.com
મોબાઈલ : ૯૮૯૮૬૧૦૩૯૦/Whatsap 7572966317

**સ્પર્ધાત્મક પરીક્ષાનાં ફ્રી-કલાસીસમાં જોડાવ**
એન્ડી મેન-પાવર, ગાંધીનગર - GPSC/UPSC/ગૌણ સેવા / જિલ્લા પંચાયત પસંદગીના નોકરી માટે અરજી કરેલને ૬૦ દિવસનો પરીક્ષા લક્ષી કોર્ષમાં જોડાવા - ફ્રી
રીઝ્યુમ સેન્ડ કરો
એન્ડી મેનપાવર એન્ડ એકેડેમી
૨૦૨-એ, સેકન્ડ ફ્લોર, મેઘમલ્હાર કોમ્પલેક્ષ, સેક્ટર-૧૧, ગાંધીનગર
Email : andymultyconsultancy@gmail.com
મોબાઈલ : ૯૮૯૮૬૧૦૩૯૦/Whatsap 7572966317